# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધો:** આ યુનિ.ના નં.આકૃયુ/રજિ/સંકલન/૭૧૪/૨૦૧૯ તા.૩૧/૦૧/૨૦૧૯

અગ્નિશામક વ્યવસ્થા (Fire Extinguisher)
Fire alarm લગાવવા બાબત.

## પરિપત્ર

આથી તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને સૂચના આપવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં ઓફિસ, કોલેજ, લેબોરેટરી, ફાર્મ વિગેરે સ્થળોએ જ્યાં કચેરી રેકર્ડ રાખવામાં આવેલ હોય, લેબોરેટરીમાં ગેસ/જવલનશીલ પદાર્થોનો ઉપયોગ થતો હોઇ તેમજ જયાં જરૂરી જણાય ત્યાં અગ્નિશામક વ્યવસ્થા (Fire Extinguisher) ફરજિયાત લગાવવાની રહેશે.

જો અગ્નિશામક વ્યવસ્થા (Fire Extinguisher) લગાવવામાં આવેલી જ હોય તો તે ચાલુ હાલતમાં છે કે નહી તેની ખાત્રી કરી લેવાની રહેશે અને જો અગ્નિશામક વ્યવસ્થા (Fire Extinguisher) લગાવવામાં આવેલ ન હોય તો સદર કાર્યવાહી તાત્કાલિક રીતે પૂર્ણ કરવાની રહેશે તેમ વંચાણે લીધેલ પરિપત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

વધુમાં આકસ્મિક આગ લાગી હોય ત્યારે Fire alarm થકી ચેતવણી મળે તેવી વ્યવસ્થા પણ ગોઠવવા જણાવવામાં આવે છે.

વધુમાં અગ્નિશામક વ્યવસ્થા (Fire Extinguisher) લગાવવામાં આવેલ નહી હોય અને પરિણામ સ્વરૂપ કોઇ દુર્ઘટના સર્જાશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત યુનિટ વડાની રહેશે. આ અંગે અત્રેથી આકસ્મિક તપાસ પણ કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**કુલસચિવ**

**નં.આકૃયુ/રજિ/સંકલન/૨૨૯૨/૨૦૨૦**
**તા.૦૧/૦૬/૨૦૨૦**

**નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ.,આણંદ
૨. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
૩. નિયામકશ્રી, આઇ.ટી.વિભાગ, આ.કૃ.યુ.,આણંદ તરફ વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

**નકલ રવાના:**

૧. કુલસચિવના અંગત મદદનીશશ્રી, આ.કૃ.યુ.,આણંદ
૨. આ કચેરીની એડીએમ શાખા-૩ તરફ જાણ તથા અમલ થવા સારૂ.